ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં આજે પાંચેય બેઠકોની મતગણતરી

**આર્ટસ અને કોમર્સ કોલેજમાં પાંચ મતગણતરી હોલ ઉભા કરાયા : તંત્ર ગણતરી માટે સંપૂર્ણ સજ્જ : ૩૦૦થી વધુ કર્મચારીઓ ગણતરીની કામગીરી સંભાળશે**







ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાની વિધાનસભાની પાંચ બેઠકો માટેની મતગણતરી વિનયન અને આર્ટસ કોલેજ ખાતે યોજવામાં આવશે. આ માટે તંત્રએ તેની તૈયારીઓ પુરી કરી લીધી છે.

જિલ્લા કલેક્ટર વ જિલ્લાના મુખ્ય ચૂંટણી અધિકારીએ આજે બે અલગ અલગ જાહેરનામા પ્રસિદ્ધ કર્યા છે. જે પૈકી એકમાં મતગણતરી કેન્દ્રની ૨૦૦ મિટરની ત્રિજ્યામાં ૧૪૪મી કલમ લાગુ કરી છે. આ ઉપરાંત સે. ૧૨-૧૩થી ગ-૪ અન્ડરપાસ તેમજ ગ-૫ સુધીનો માર્ગ વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો છે.

આજે મતગણતરી સ્ટાફનું રેન્ડમાઈઝેશન કરી દેવામાં આવ્યુ છે. ૩૦૦થી વધુ કર્મચારીઓ મતગણતરીની કામગીરીમાં જોતરાશે. પહેલા સવારે ૮ વાગે પોસ્ટલ બેલેટની ગણતરી શરૂ કરવામાં આવશે. આ પહેલા વહેલી સવારની પહેલી પોષ્ટમાં મળેલા તમામ પોષ્ટલ બેલેટ સ્વીકારવામાં આવશે.

પાંચેય બેઠકોના ઈ.વી.એમ.ની ગણતરી ૮.૩૦ થી શરૂ થશે અને પાંચેય બેઠકોનો પહેલો ટ્રેન્ડ ૯.૩૦ વાગ્યા સુધીમાં જાણવા મળી શકશે. અહિ ઉમેદવારોના સમર્થકોને પણ દરેક રાઉન્ડના અંતે મળેલા મતોની જાણકારી આપવા માટે ખાસ સાઉન્ડ સિસ્ટમ પણ લગાવવામાં આવી છે.

પાંચેય બેઠક પર ૧૪ ટેબલ પર ગણતરી હાથ ધરવામાં આવશે. આ મતગણતરી માટે કર્મચારીઓને પણ સવારે ૬ વાગે ફરજના સ્થળે હાજર થઈ જવાની સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે. પોષ્ટલ બેલેટની ગણતરી માટે એક અલાયદુ ટેબલ રહેશે.

મતગણતરીમાં નિરીક્ષક દ્વારા નક્કી કરાયેલ પાંચ વી.વી.પેટના મત પણ ગણવામાં આવનાર છે. આ માટે પણ તંત્રએ તૈયારી કરી લીધી છે.

● અનુસંધાન પાન-૭ પર

## મતગણતરી કેન્દ્રો પર ૪ આરોગ્ય ટીમ તૈનાત કરાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં મતગણતરી કેન્દ્ર પર ૪ મેડીકલ ટીમોને પણ તૈનાત કરવામાં આવશે. ૩ જિલ્લા તંત્રની ટીમો હશે જ્યારે એક ટીમ મનપાની હશે.

જિલ્લાની પાંચેય બેઠકોની મતગણતરીના સ્થળે એમ્બ્યુલન્સ પણ તૈનાત કરવામાં આવશે. ૪ મેડીકલ ટીમો પૈકી એક ટીમ સમર્થકો પાસે હશે. તો ૩ ટીમ મતગણતરી કેન્દ્રો પર રાખવામાં આવશે.

૪ ટીમોમાં ૪ તબીબી અધિકારીઓ, ૪ ફાર્માસીસ્ટ અને નર્સિંગ સ્ટાફ રહેશે. આ ટીમોએ પણ આજે મતગણતરી કેન્દ્રની મુલાકાત લીધી હતી. એક ખાસ હેલ્થ સેન્ટર પણ તંત્ર દ્વારા ઉભુ કરવામાં આવ્યુ છે.

## આજે પાંચ બેઠકોના ૫૦ ઉમેદવારોના ભાવિનો ફેંસલો

**નિરસ અને અકળ મતદારો રહેતા રાજકીય સસ્પેન્સ ચરમસીમાએ : જિલ્લામાં મતદાનની ઘટેલી ટકાવારીને લઈ આગાહીકારો પણ ગોથે ચડ્યા**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકોના ૫૦ ઉમેદવારોના રાજકીય ભાવિનો આજે ફેસલો થશે. આ માટે તંત્ર અને પક્ષો દ્વારા તૈયારીઓ કરી દેવામાં આવી છે. નિરસ મતદારોએ મન કળવા ન દેતાં રાજકીય સસ્પેન્સની ઉત્તેજનાઓ ચરમસીમાએ પહોંચી છે.

મતગણતરીની કામગીરી આજે સવારે ૮ વાગે શરૂ થશે. જિલ્લાની પાંચેય બેઠકમાં સૌથી છેલ્લુ પરિણામ ગાંધીનગર (દ) બેઠકનું આવશે જ્યારે પહેલુ પરિણામ કઈ બેઠકનું આવશે તેને લઈ રાજકીય ઉત્તેજનાઓ છવાયેલી છે.

આજે હાથ ધરાનાર મતગણતરીને લઈ રાજકીય પક્ષો કોઈ પણ પ્રકારની આગાહી કરવાથી અળગા રહેવાનું પસંદ કરી રહ્યા છે. આ વખતે જિલ્લામાં ૧૦ ટકા જેટલુ ઓછુ મતદાન નોંધાયુ છે તેથી સૌના જીવ પડીકે બંધાયેલા છે.

પાટનગરની રાજકીય ગલિયારીઓમાં ઉમેદવારોની લીડને લઈ ચર્ચાઓ સાંભળવા મળી રહી છે. આંકડા વિશ્લેષકોના તારણો અને ક્યાંથી કોને લીડ મળશે તેને લઈ અનેક તર્ક-વિતર્ક સાથે ચર્ચાઓ ચાલી રહી છે.

જિલ્લામાં મતદાન વધે તે માટે ઉમેદવારો, તંત્રએ સહિયારા પ્રયાસો કર્યા હોવા છતાં મતદાર નિરાશ અને નારાજ થયેલો વધુ જોવા મળ્યો છે. મતદાતાને બહાર લઈ આવવા માટે સ્પર્ધકો ઉણા ઉતર્યા છે. જો કે આજે મતગણતરીના દિવસે પણ લગ્નો ખુબ છે એ પણ એટલી જ નોંધનીય બાબત છે.

જિલ્લામાં દહેગામ બેઠક પર ૬૮.૬૭ ટકા મતદાન થયુ છે. ગાંધીનગર (દ) બેઠક પર ૬૫.૨૧ ટકા, ગાંધીનગર (ઉ) બેઠક પર ૬૦.૭૩ ટકા, માણસા બેઠક પર ૭૧.૨૪ ટકા અને કલોલ બેઠક પર ૭૦.૧૨ ટકા મતદાન નોંધાયુ છે.

રાજકીય પક્ષોના આગેવાનો ગત ચૂંટણીના પરિણામોની સ્થિતિ જળવાઈ રહેશે તો કેટલાક આ જિલ્લામાં પરિવર્તનની વાતો સાથે જુદી જ ગણતરીઓ ગલિયારીઓમાં કરતા નજરે પડી રહ્યા છે.

જિલ્લાની પાંચેય બેઠકમાં સરસાઈનો માર્જીન નજીવો હોવાની વાતો પણ કરવામાં આવી રહી છે. મતદાર અકળ રહ્યો છે અને મતદાનના ટ્રેન્ડને પકડવામાં રાજકીય વિશ્લેષકો પણ ગોથે ચડ્યા છે. મતદાનની ટકાવારીમાં નોંધાયેલા ઘટાડાએ સૌને ચોકાવ્યા છે એટલે શું પરિણામ આવશે તેને લઈ ઉત્તેજનાનો સસ્પેન્સ ચરમસીમાએ પહોંચ્યો છે.

## મતગણતરી માટે બે નવા નિરીક્ષકોની નિયુક્તી કરાઈ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં પાંચ બેઠકો માટે નિમાયેલા ત્રણ સામાન્ય નિરીક્ષકો ઉપરાંત પંચે મતગણતરી માટે બે ખાસ નિરીક્ષકોની નિયુક્તી કરી છે. આમ આજે થનાર મતગણતરી પર આ પાંચેય નિરીક્ષકો સીધી નજર રાખશે. મતગણતરી હોલમાં બે-બે માઈક્રો ઓબ્ઝર્વર પણ ખડેપગે તૈનાત રહેશે.

જિલ્લામાં દહેગામ બેઠકની મતગણતરીના નિરીક્ષક તરીકે સપના જૈનની નિમણુંક કરવામાં આવી છે જ્યારે કલોલ બેઠક માટે દેવદત્તા કોંકણેની નિમણુંક કરવામાં આવી છે.

મતગણતરીની કામગીરી માટે મુકાયેલ આ બન્ને નિરીક્ષકો ગઈકાલે મોડી રાત્રે ગાંધીનગર આવી પહોંચ્યા હતા અને આજે મતગણતરી કેન્દ્ર તેમજ સ્ટ્રોંગરૂમની મુલાકાત પણ લીધી હતી. પાંચેય બેઠકોની ગણતરી દરમ્યાન આ પાંચેય નિરીક્ષકો હાજર રહેશે.

મતગણતરી દરમ્યાન પાંચ વી.વી. પેટની મતગણના માટેની પસંદગી આ નિરીક્ષકો દ્વારા કરવામાં આવશે. મતગણતરી કેન્દ્રની તમામ ગતિવિધિનું વિડીયો રેકોર્ડિંગ કરાશે.

## મતગણતરી કેન્દ્ર પર ઝેરી સાપ નિકળતા ડે. મ્યુનિસિપલ કમિશનરે રેસ્ક્યુ કર્યો



ગાંધીનગર, તા. ૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની મતગણતરીના એક દિવસ અગાઉ એટલે કે તારીખ ૭ ડિસેમ્બરના રોજ ગાંધીનગરના મત ગણતરી કેન્દ્ર પર ઝેરી સાપ દેખાયો હતો જેથી દોડધામ સર્જાઈ હતી.

ગાંધીનગરના સેક્ટર-૧૫ ખાતે આવેલી સરકારી વિનયન કોલેજમાં મતગણતરી કેન્દ્ર રાખવામાં આવ્યું છે. જ્યાં સુરક્ષા તથા વ્યવસ્થાને ધ્યાને લઈને જિલ્લા વહિવટીતંત્રના અધિકારીઓ તેમજ કર્મચારી તૈનાત હતા. જે દરમિયાન અચાનક કિંગ કોબ્રા (નાગ) પ્રજાતિનો ઝેરી સાપ નિકળતા ભાગદોડ સર્જાઈ હતી. પહેલા સાપ

● અનુસંધાન પાન-૭ પર

## ઘ-૫ ખાણીપીણી બજારમા હજુ ૧૦ લાખની ભાડા વસૂલી બાકી

**વેપારીઓની રજૂઆતના અંતે દબાણો પણ દૂર કરાયા જો કે હજુ ૧૦ જેટલા સ્ટોલ ધારકોના ભાડા બાકી**

શહેરમાં ઘ ૫ સ્થિત ખાણી પીણી બજારના વેપારીઓ પાસે તંત્ર દ્વારા બાકી ભાડાની રકમ વસુલવા અત્યાર સુધી ઘણીવાર નોટીસ આપવામાં આવી છે આ દરમિયાન વેપારીઓ દ્વારા તેમની ફૂડકોર્ટની આસપાસમાં દબાણોના લીધે પરેશાની હોવાની રજૂઆતો પણ તંત્ર સમક્ષ કરવામાં આવી હતી ધંધા પર વિપરીત અસર પડતી હોવાની રજૂઆતોના અંતે તંત્ર દ્વારા દબાણો પણ દૂર કરાયા હતા આમછતાં હજુ ફુડકોર્ટના વેપારીઓ પાસેથી અંદાજિત ૧૦ લાખની ભાડા વસૂલી બાકી છે

ઘ ૫ ની ખાણીપીણી બજારમાં તંત્ર દ્વારા માળખાગત સુવિધાઓ નું કામ પણ હાથ ધરવામાં આવ્યું હતું તંત્ર દ્વારા અહીં રસ્તા, પાણી, ગટર, વીજળી અને રસોઇ ગેસની લાઇન આપવા સહિતની તમામ સુવિધા સાથેની ૯૬ દુકાનો સાથેની ફૂટકોર્ટ બનાવી આપવામાં આવી હતી અને દાયકાઓથી અહીં ઉભા રહીને વેપાર કરતાં લાભાર્થીઓ નિયત કરીને તેમને શરતી ફાળવણી કરવામાં આવી હતી. ખાણી પીણીના રસિયાઓ અને બે ટંકના વ્યાજબી ભાવના ભોજન માટેના જરૂરતમંદો માટે આ સ્થળ ખરેખર આશિર્વાદ સમાન બની રહ્યું છે. પરંતુ દુકાનો મેળવનારા પૈકીના ઘણા ધંધાર્થીઓ દ્વારા નિયત કરવામાં આવેલી ભાડાની રકમ દર મહિને ભરવામાં આવતી નથી.અગાઉ કોરોના કાળ દરમિયાન ધંધા વેપાર ઠપ્પ રહ્યાની રજૂઆતના પગલે પાટનગર યોજના વિભાગ દ્વારા સરકારની મંજુરી લઇને ભાડા માફીનો લાભ પણ આપવામાં આવ્યો હતો. પરંતુ ત્યાર બાદ અગાઉની સ્થિતિ ફરી આવી ગયા પછી પણ વેપારીઓ ભાડુ ચૂકવતા નહીં હોવાથી અંદાજે ૨૫ લાખની વસૂલાત માટે અનેકવાર નોટીસ પણ આપવામાં આવી હતી . અધિકારી સુત્રોએ કહ્યું કે હજુ પણ આઠેક જેટલા વેપારીઓની મળીને દશેક લાખ જેવી ભાડાની રકમ વસુલવા માટે પણ પ્રયાસો હાથ ધરાયા છે જયારે નડતરરૂપ દબાણો પણ દૂર કરી દેવાયા છે

## જયોતિષવિદોના મુજબ ભાજપને સ્પષ્ટ બહુમતી, ‘આપ’ની એન્ટ્રી થશે : હેમીલ લાઠીયા

**ભુપેન્દ્રભાઇને શનિની સાડાસાતી ફળી છે, વડાપ્રધાન મોદીને ૮નો શુભ અંક સારુ ફળ આપશે તેમની લોકચાહના જળવાઇ રહેશે : હેમિલ લોઠીયા : કોંગ્રેસને રાહુની દશા અને નબળો ચંદ્ર ધાર્યુ પરિણામ નહી અપાવે : વિષ્ણુભાઇ વૈષ્ણવ**

ગાંધીનગર તા ૭

ગુજરાત વિધાનસભાની ચુંટણીનુ આજે પરિણામ જાહેર થવાનુ છે. ત્યારે રસપ્રદ ચુંટણી જંગના અંતે સૌ કોઈની મીટ પરિણામ તરફ મંડરાઇ છે. એકઝિટ પોલના તારણો અને રાજકીય વિવેચકોના અનુમાનના અંતે ભાજપને સ્પષ્ટ બહુમતી મળે છે તેવા સંકેતો પણ મળ્યા છે. ત્યારે ચુંટણી પરિણામ અંગે જયોતિષચાર્યોએ પણ ભાજપને બહુમત મળવાની પ્રબળ સંભાવના વ્યકત કરવામાં આવી છે. ભુપેન્દ્રભાઈને શનિની સાડા સાતી ફળી છે.. આમ આદમી પાર્ટી સારી શરૂઆત કરી શકે છે. કોંગ્રેસ હાલ રાહુની દશા ચાલે છે. ચંદ્ર પણ નબળો છે. નરેન્દ્ર મોદીની લોકચાહના જળવાઈ રહેશે તેવો સુર પણ જયોતિષવિદોએ વ્યકત કર્યો છે. એકઝિટ પોલના અનુમાનો , રાજકીય વિવેચકોની ચર્ચા વિચારણાઓ અને જયોતિષવિદોના ફળકથન સહીતની સઘળી બાબતોનો આજે ઈ વી એમ મશીન ખુલતા અંત આવી જશે.

અમદાવાદના જાણીતા જયોતિષી ડો હેમિલ પી લાઠીયાએ ગ્રહોની દશાનો અભ્યાસ કરીને ચુંટણી પરિણામ અંગે તારણો રજુ કરતા જણાંવ્યુ હતુ કે સૌ પ્રથમ તા ૩૦ નવેમ્બરે ૧૨ અને ૨૦ કલાકે તારીખ જાહેર કરી આ ત્રણેય દિવસની મતદાન સમયની કુંડળી જોઈએ તો વૃશ્ચિક લગ્ન વર્ગોત્તમી અને સુર્ય પણ વર્ગોત્તમી થાય છે. જે શાસક પક્ષ માટે ફેવરેબલ પુરવાર થાય .જયારે ચંદ્રની રીતે જોઈએ તો પણ ભાજપની માટે પોઝિટીવ ચિત્ર છે. તા ૫ ડીસેમ્બરનો ચંદ્ર પણ શાસક પક્ષ માટે ફેવરેબલ છે. જયારે સૌથી મહત્વની વાત એ છે કે કારતક મહીનો શરૂ થયો ત્યારે સંવત્સર પણ શાસક પક્ષને મદદરૂપ થતા હોય છે. આનંદ સવંત્સર પણ શાસકપક્ષ માટે વધુ ઉજળા સંજોગો જણાંય છે. ભાજપના હાલના ગ્રહયોગ છે તે પણ ફેવરેબલ સ્થિતિમાં છે. ભાજપની કુડળીમાં મહાદશા ભારત દેશની કુંડલી સાથે પણ હાલના સંજોગોમાં બંધબેસે છે. આવા સંજોગોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્ટાર પણ લોકચાહના પણ બરકરાર રહેશે તેવા સંજોગો સ્પષ્ટ થાય છે. બીજીતરફ કોંગ્રેસને રાહુની દશા ચાલે છે. કોંગ્રેસનો ચંદ્ર પણ નબળો છે જેના લીધે પ્રજા વચ્ચે દ્વિદ્ધા રહે તા ૧૭ જાન્યુઆરી ૨૦૨૩ બાદ ભાજપની કુંડળી પરીક્ષાલક્ષી બની જતા ધીરજપુર્વક અને ગંભીરતાથી નિર્ણય લેવા પડશે આ દરમિયાન કોંગ્રેસની કુંડળી મજબુત બનશે જેના લીધે કાર્યકર્તાઓ અને નેતાઓ લોકસંપર્ક વધારશે જેની અસર આગામી ચુંટણીમાં પણ જોવા મળશે. જયારે હાલ આમ આદમી પાર્ટીમાં શુક્રની દશા વર્તમાન ચાલે છે. જે તા ૧ અને ૫ ના ચંદ્ર સાથે સંયોગિક રીતે સહકારવાળી છે. આમ આદમી પાર્ટી પણ સારી શરૂઆત કરી શકે તે મુજબના ગ્રહો છે. જયારે ભુપેન્દ્રભાઈના ગ્રહ ડીસેમ્બર મહીના સુધી સારા ચાલી રહ્યા છે. તેમને સાડા સાતી ફળી છે. જેના લીધે રીપીટ પણ થઈ શકે છે. ડબલ એન્જિન સરકારમાં નરેન્દ્ર ભાઈ અને ભુપેન્દ્રભાઈના ગ્રહો સારા થતા હોવાથી પક્ષ પર સરી અસર પડશે. જેમાં ૯૫ થી ૧૧૫ સીટ પર ભાજપ વિજય હાંસલ કરશે જયારે કોંગ્રેસને ૭૦ થી ૮૦ અને આમ આદમી પાર્ટીને ૬ થી ૮ બેઠકો મળે તેવી સંભાવના જયોતિષ ગણતરીના આધારે થાય છે. ગાંધીનગરના જાણીતા જયોતિષાચાર્ય વિષ્ણુપ્રસાદ વૈષ્ણવે ચુંટણી પરિણામો અંગે ગ્રહોની દશાનો અભ્યાસ કરીને ભાજપને બહુમતી પ્રાપ્ત થશે તેવી શકયતા દર્શાવી છે. તેમના જણાંવ્યા મુજબ પ્રથમ મતદાન તા ૧ ડીસેમ્બરના રોજ થયુ હતુ. જયારે બીજા તબક્કાનુ મતદાન તા ૫ ડીસેમ્બરના રોજ થયુ હતુ જે મુજબ ભાજપની કુંડળીમાં સુર્ય વૃષભ રાશિનો શત્રુસ્થાનમાં છે. બારમેથી મંગળની દ્રષ્ટી જે છઠ્ઠાનો સ્વામી છે તેમજ ૮ મા સ્થાનમાં મકરનો શનિ સ્વરાશિમાં જે વિરોધ અને મ્હાત કરી પોતાના પ્રભાવ યથાવત રાખે છે. તા ૧ ડિસેમ્બરના રોજ વૃશ્ચિકમાં ચુંટણી યોજવામાં આવી હતી જે લગ્ન અને સુર્ય વર્ગોત્તમી હતા. ભાજપનો ચંદ્ર પણ વૃશ્ચિક રાશિનો જ છે. આમ સત્તાનો કારક સુર્ય દુષ્મન દુશ્મન શત્રુ ભાવમાં સ્થાપિત થઈ સર્વે શકિત હણે છે અને પોતાનુ સ્થાન સબળ બનાવે છે. જયારે પ્રજાનો કારક શનિ જેના ગોચરમાં મંગળ પરાક્રમ અને જોમજુસ્સાના કારક મંગળની દ્રષ્ટી છે. જયારે આજના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ જેઓ તા ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ શપથ લીધા હતા. તે સમયે સુર્ય સિંહનો ભાગ્ય સ્થાને હતો. જેથી તેમણે લાંબા સમય સત્તા પર રહી શકે જેના લીધે તેઓ ફરીથી સત્તા પર આવશે અલબત્ત ભાજપ ફરી ચુંટાઈને સત્તામાં આવશે. મીનનો ગુરુ હોવાથી ધર્મ , ધાર્મિકતા પણ કારણભુત છે. જેનો શ્રેય નરેન્દ્ર મોદીને છે. જયારે કોંગ્રેસની કુંડળીમાં મેષ લગ્ન અને લગ્નમાં રાહુનુ ગોચર ચાલી

● અનુસંધાન પાન-૭ પર

## એક્ઝિટ પોલ કેટલા સાચા તેની ચર્ચાઓએ જોર પકડ્યુ

**પરિણામ અંગે જાતભાતની ચર્ચાઓ આખો દિવસ ચાલી : દિલ્હી મહાનગરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના વિજયે આપનો જુસ્સો વધાર્યો**

ગાંધીનગર, તા. ૭

આવતીકાલે મતગણતરી થવાની છે ત્યારે આગલા દિવસે કોની સરકાર રચાશે અને કયા પક્ષને કેટલી સીટો મળશે તેની ચર્ચાઓ આખો દિવસ ચાલી હતી. ચોરે ને ચૌટે જ્યાં જુઓ ત્યાં માત્ર અને માત્ર ચૂંટણી અને તેના પરિણામોની જ ચર્ચાઓ થતી હતી. એક્ઝિટ પોલ કેટલા સાચા અને કેટલા ખોટા તેની સૌ કોઈ ચર્ચાઓ કરતા નજરે ચઢ્યા હતા.

દિવસોના ઈન્તજાર બાદ આખરે ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓનું પરિણામ જહેર થઈ રહ્યુ છે. ચૂંટણીનું પરિણામ શું આવશે તેની ઈન્તજારી રાજકીય પક્ષો અને ઉમેદવારોને તો હોય જ પણ સામાન્ય નાગરિકો પણ તેમાં ખૂબ રસ લઈ રહ્યા છે. ગાંધીનગર શહેરના મતદારોએ ભલે મતદાનમાં નિરાશા દર્શાવી હોય પરંતુ કયા ઉમેદવારને કેટલા મત મળશે અને કયો ઉમેદવાર હારશે તેની ચર્ચાઓમાં સામાન્ય નાગરિકો રસપૂર્વક જોડાયા છે.

સચિવાલયના કર્મચારીઓ પણ આ ચર્ચાઓથી દૂર રહી શક્યા ન હતા. સચિવાલયની કેન્ટીનોમાં ટેબલે ટેબલે આખો દિવસ ચૂંટણીની અને પરિણામોની ચર્ચાઓ ચાલી હતી.

આ ઉપરાંત ચા ની લારીઓ અને ગલ્લાઓ પર પણ પરિણામોની જ ચર્ચાઓ થતી જોવા મળી હતી. એક્ઝિટ પોલ જાહેર થતાં ચર્ચાઓનો દોર વધુ જામ્યો હતો. એક્ઝિટ પોલ કેટલા સાચા અને કેટલા ખોટા તેની ઉત્તેજનાસભર ચર્ચાઓ થઈ હતી. વળી આજે દિલ્હી મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામો જાહેર થતાં ચૂંટણીની ચર્ચાઓમાં આમ આદમી પાર્ટીની જીતની ચર્ચાઓ પણ થતી હતી. સૌ કોઈની નજર આજના પરિણામ પર જ છે.

## આજે ગ-૪ અન્ડરબ્રિજના ૧૨/૧૩ના ચાર રસ્તાથી ગ-૫ સુધીના માર્ગ પર વાહન પર પ્રતિબંધ

**સવારે ૬.૦૦ કલાક થી ગ- ૪ અંડરબ્રિજના સેકટર-૧૨/૧૩ તરફના ચાર રસ્તાથી ગ-૫ સુધીનો બન્ને તરફનો રોડ તમામ વાહનો માટે પ્રવેશ પ્રતિબંધ**

ગાંધીનગર, તા.૭

ગુજરાત વિધાનસભાની મત ગણતરી તા.૦૮ના રોજ યોજાશે. ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતદાર વિભાગની મત ગણતરી સેક્ટર-૧૫, સરકારી વિનિયન કોલેજ ખાતે રાખવામાં આવી છે. આ સ્થળે કાયદો અને વ્યવસ્થા તેમજ ટ્રાફિક પાર્કીંગ/નિયમન જળવાય તેવા આશયથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટે એક જાહેરનામું બહારપાડી તા.૮ના ૬ કલાક થી મત ગણતરી પુર્ણ થાય ત્યાં સુધી તમામ વાહનો માટે પ્રવેશ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

આ જાહેરનામામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટે જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતદાર વિભાગની મતગણતરી સેકટર- ૧૫, સરકારી વિનિય કોલેજ ખાતે યોજાનાર છે. જેથી તમામ વાહનો માટે પ્રવેશ પ્રતિબંધ (સરકારી ફરજ ઉપરના અધિકારી/કર્મચારીઓના વાહનો સિવાય) તમામ વાહનો વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ટ કરવા-તમામ વાહનો ગ-૪ અંડરબ્રીજ ના સે.૧૨/૧૩ તરફના ચાર રસ્તાથી ગ-૫ સુધીનો બન્ને તરફનો રોડ તમામ વાહનો માટે પ્રવેશ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com